# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

તા. ૨૫-૦૧-૨૦૨૫

અખબારી યાદી

- અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે કોંગ્રેસ પક્ષ સમગ્ર ગુજરાતમાં "જય સરદાર યાત્રા" યોજશે.
- ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના આડેધડ મકાનો તોડી નાખી બેઘર કરવાની ભાજપ સરકારની નીતિ સામે કોંગ્રેસ લડશે નાગરિકોના ન્યાયની લડત.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ રાજ્યસ્તરનું ગઠબંધન નહી કરે.

ગુજરાત કોંગ્રેસ પક્ષની પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠક રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનિકજીની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રીઓ, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રીઓ સહિત વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી.

ગુજરાત કોંગ્રેસ પક્ષની પોલિટિકલ અફેર્સ કમિટી બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે કોંગ્રેસ પક્ષ સમગ્ર ગુજરાતમાં 'જય સરદાર યાત્રા' યોજશે "જય સરદાર યાત્રા" રાજ્યના મહત્તમ તાલુકાઓને જોડતી હશે. સરદાર વલ્લભભાઈ પટેલના જીવન સાથે સંકળાયેલ બારડોલી, કરમસદ, નડિયાદ સહિતની ઐતિહાસિક જગ્યાઓ પર વિશેષ કાર્યક્રમો યોજવામાં આવશે.

રાજ્યમાં થઈ રહેલ ડિમોલિશન અંગે નાગરિકોના ન્યાય માટે કોંગ્રેસ દેખાવો કરશે. ગુજરાતની ભાજપ સરકાર મોટા માલેતુજારના ગેરકાયદેસર બાંધકામોને પ્રોત્સાહન આપે છે અને જો ભૂલમાં પણ ફરિયાદો આવે તો મોટા-અમીર, વગ ધરાવતા લોકો અંગે અંખ આડા કાન કરીને જતું કરવામાં આવે છે બીજી બાજુ રાજ્યના હજારો ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના પરિવારોને વિકાસના નામે નોટીસ વગર

ડિમોલિશનની કામગીરી કરીને કડકડતી ઠંડી હોવા છતાં આવા પરિવારોને બેઘર કરવામાં આવી રહ્યા છે. એકતરફી નિર્ણય કરી નાગરિકોને બેઘર કરવાના નિર્ણયનો કોંગ્રેસ પક્ષ વિરોધ કરશે. જ્યાં નોટિસ વગર ડિમોલિશન થશે ત્યાં કોંગ્રેસ દેખાવો કરશે અને લડત આપશે.

રાજ્યના ૮ મહાનગરો અને અન્ય વિસ્તારોમાં ફેરીયા-લારી ગલ્લા-પાથરણા અને ખુમચાવાળા પોતાની મહેનતથી નાનો ધંધો રોજગાર કરીને પોતાનો ગુજરાન ચલાવી રહ્યા છે પણ ભાજપાના શાસકો વિકાસ અને શહેરની સુંદરતાના નામે વારંવાર ફેરીયા-લારી ગલ્લા-પાથરણા અને ખુમચાવાળાની રોજી રોટી પર દંડો ફેરવીને બેરોજગાર બનાવી રહ્યા છે. ત્યારે આવા નાના પરિવારોને સન્માન સાથે રોજી રોટી મેળવી શકે તે માટે કોંગ્રેસ પક્ષ તેમના હક અધિકારની ન્યાયિક લડતમાં સાથ આપશે.

ગુજરાતમાં ૧ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકા, ૩ તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પોલીટીકલ અફેર્સ કમીટીમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ રાજ્યસ્તરનું ગઠબંધન નહીં કરે. કોઈપણ પાર્ટીનું રાજ્યસ્તરે ગઠબંધન અંગે પ્રસ્તાવ નથી આવ્યો. સ્થાનિક સંગઠનની માંગ મુજબ ગઠબંધન અંગે ચર્ચા કરીશું. રાજ્ય સ્તરે કોઈપણ પાર્ટી સાથે ગઠબંધન અંગે ચર્ચા નહીં.

કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન ગાંધી સરદારના ગુજરાતમાં એપ્રિલ મહિનામાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે તે તક આપવા બદલ ગુજરાત કોંગ્રેસ રાષ્ટ્રીય નેતૃત્વનો આભાર વ્યક્ત કરે છે.

ડૉ. મનીષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા